<u>**આંક– ૩૦ ની અરજી તળે હુકમ**</u>

**૧.** આ કામના પ્રતિવાદી ધ્વારા સીવીલ પ્રોસીઝર કોડની ઓર્ડર ૩૭ રૂલ ૩(૪) મુજબ લીવ ટુ ડીફેન્ડ માટે હાલની અરજી રજુ કરેલ છે.

**૨.** હાલની અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબની છે:

પ્રતિવાદી ધ્વારા વાદી ધ્વારા જણાવવામાં આવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ પ્રતિવાદી ધ્વારા વધુમાં જણાવેલ છે કે, વાદી નો દાવો કાયદા ની જોગવાઈઓ વિરુધ્ધ છે. વાદીનો દાવો કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધ છે સદર દાવામાં જણાવેલ જમીન વાદીને ગીરા પેટે આપેલ નથી કે, પાસેથી કોઈ રકમ લીધેલ નથી. વાદીએ ઉપરોક્ત જમીન ગીરો પેટે આજ દિન સુધી ખેડેલી નથી કે, તેની કોઈ ઉપજ લીધેલી નથી. વાદી પાસે જે ચેક છે તે પ્રતિવાદીના વારસદાર નં.૧ ના પતિ તથા પ્રતિવાદી ના વારસદાર નં.૨ થી ૪ ના પિતા એ આપેલ નથી. વાદીએ એ દાવા અરજી સાથે લીસ્ટ માં જે ડોકયુમેન્ટ રજુ કરેલા છે તે ચેક તથા બે કરાર છે, જેથી વાદીએ કહેવાતા કરાર ના વિશીસ્ટ પાલન Special Relief Act મુજબ દાવો કરેલ નથી. વાદીના દાવાને સમયમર્યાદા નો બાધ છે. તેમજ પક્ષકારો ની ખામી છે. તેમજ વાદીએ પ્રતીવાદી (મનુભાઈ શાભઈભાઈ) ને ચેક અસ્વીકાર અંગેની નેગો એક્ટ મુજબ કોઈ નોટીસ આપેલી નથી. તેમજ વાદીએ કહેવાતો ચેક રજુ કરેલ છે તેમાં રકમ રૂા. ૨,૨૫,૦૦૦/–એક રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર પુરા જયારે ૬/૩/૨૦૧૮ ના કરાર માં રૂા.૨,૦૦,૦૦૦/– એક રૂપિયા બે લાખ પુરા દર્શાવેલા છે. જે ઓ–૩૭ રૂલ–૨ જો ચોક્કસ રકમ ના હોય, તો ઓર્ડર–૩૭ મુજબ દાવો ચાલી શકે નહી. જેથી અમોને બચાવ કરવાની પરવાનગી બિન શરતી આપવી જોઈએ. વાદીએ દાવા અરજીમાં જે દસ્તાવેજો રજુ કરેલા છે, તે બનાવટી છે. ચેકમાં તારીખ માં ચેકચાક કરેલી છે તેમજ કરારમાં પણ સુધારો વધારો કરેલ છે. વાદીએ દાવામાં લીસ્ટ થી દસ્તાવેજો રજુ કરેલ છે. તે દસ્તાવેજી પુરાવા પુરાવાના કાયદાની જોગવાઈઓ મુજબ પુરવાર થઈ શકે તેમ નથી. જેથી વાદી

નો દાવો રદ્દ થવાને પાત્ર છે. આમ, ઉપરોક્ત પ્રતિવાદીની હકીકતો હોય પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજી બિન શરતી મંજુર કરવા અરજ કરેલ છે અને સદર દાવો રેગ્યુલર દાવમાં કન્વર્ટ કરી અમોને બચાવ કરવાની તક આપવા અરજ ગુજારેલ છે.

૩. આ કામના વાદી ધ્વારા પ્રતિવાદીની હાલની (આંક –૩૦) ની અરજી અન્વયે આંક–૩૧ થી વાંધા સાથે જવાબ રજુ કરેલ છે જેની ટુંકમાં હકીકત નીચે મુજબની છે:

પ્રતિવાદીની અરજીમાં સાચી હકીકતો છુપાવવામાં આવેલી છે અને સદર અરજ કોર્ટ કાર્યવાહી લંબાવવા અને કોર્ટ કાર્યવાહીનો દુરઉપયોગ કરવાના માલાફાઇડ ઈન્ટેનશનથી આપેલ હોવાથી ભલની અરજ રદ્દ થવાને પાત્ર છે. સદર દાવો વાદીએ સી.પી.સી ઓર્ડર–૩૭ ની સમરી પ્રોસીઝરની જોગવાઈઓ મુજબ કરેલો છે અને તે મુજબની કાર્યવાહી સદર દાવાને લાગુ પડે છે. જેથી પ્રતિવાદીની હાલની અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં તેઓ જણાવે છે કે, ઉપરોકત સમરી દાવો ચેક યાને વિનીમય પત્ર અંગેનો છે. કરારમાં ઉલ્લેખેલ રકમ રકમ મુજબનો ચોકકસ રકમનો ચેક પ્રા.વાદીઓ ના વડીલ મનુભાઈ સાભઈભાઈ ઠાકોરનાઓ આપેલ છે. જે ચેક વાદીએ પાકતી તારીખે બેન્કમાં રજૂ કરતા બેન્કના અધિકારીએ ચેકમાં કરેલ સહીની ચકાસણી કરી "ફંડ અને સફીસીયન્ટ" ના શેરા સાથે પરત આપેલ છે. જે નહી માનવાને કોઈ કારણ નથી, જેથી સદર કામે પ્રા.વાદીઓ એ આપેલ અરજી નામંજુર કરવાની જરુર છે. વધુ માં ચોકકસ રકમ બાબતે જણાવીએ છીએ કે સદર કામે સદર કામના પ્રા.વાદીઓ ના ગુજરનાર વડીલ મનુભાઈ સાભઈભાઈ ઠાકોર ના ઓએ બન્ને કરાર રૂ.૨,૨૫,૦૦૦/– અંકે બે લાખ પચ્ચીસ હજાર પુરા ગીરો આપેલ છે. પ્રથમ કરારમાં પણ સદર રકમ દર્શાવેલ છે અને બીજા કરાર ના છેલ્લા પેરામાં પણ સદર રકમ દર્શાવેલ છે. તેમજ બીજા કરાર માં શરતચુકના કારણે બે લાખ રકમ લખાઈ ગયેલ છે. પણ છેલ્લા પેરામાં ચોકકસ રકમ દર્શાવેલ છે. જેથી સદર ચોકકસ રકમનો સમરી દાવો કરેલ છે. જે માં સમન્સ ફોર જજમેન્ટનો હુકમ કરવાની જરુર છે. તે કારણ પ્રતીવાદીનો

સધ્ધર બચાવ ઉભો કરી શકે અને સદર કારણમાં કોઈ કાયદાકીય પ્રશ્ન સમાયેલો ન હોવાથી પ્રતીવાદીની હાલની બિનશરતી બચાવની પરવાનગી માંગતી અરજ રદ્દ થવાને પાત્ર છે. વાદી સાથે થયેલા કરાર મુજબ પ્રતિવાદીએ લીધેલ તમામ રકમ ચુકવવાની જવાબદારી સ્વીકારીને તેના ઉપર જરૂરી સહીઓ કરી આપેલી છે અને પ્રતીવાદી પોતાની લેણી રકમ ચુકવવાની જવાબદારીમાંથી છટકવા માટે અને વાદીનું લેણું દુબાડવા માટે હાલની બિનશરતી બચાવની અરજી આપેલી છે તેમાં કાયદાકીય કોઈ શુધ્ધ–બુદ્ધિનું બચાવ કરવા લાયક કારણ ન હોવાથી પ્રતીવાદીની હાલની અરજ રદ્દ થવાને પાત્ર છે.

**૪.** ઉપરોકત બંને પક્ષે રજુ કરેલ લેખીત અરજી તથા તેનો જવાબ તથા સીવીલ પ્રોસીઝર કોડ, ૧૯૦૮ ના ઓર્ડર ૩૭ રૂલ ૩ ની જોગવાઈઓ ધ્યાને લીધી. સદર કામનું રેકર્ડ જોતા પ્રતિવાદીને તા.૦૨/૦૯/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટમાં હાજર થવા માટે સમન્સ કાઢવામાં આવતા તેઓ તા.૦૯/૦૯/૨૦૨૪ ના રોજ હાજર થયેલ છે અને આંક–૩૦ વાળી અરજી રજૂ રાખેલ છે. વધુમાં, સદર કામે પ્રતિવાદી ધ્વારા પોતાની અરજીમાં લીધેલ વાંધામાં તેઓએ જમીન વાદીને ગીરા પેટે આપેલ નથી કે, પાસેથી કોઇ રકમ લીધેલ નથી. વાદીએ ઉપરોક્ત જમીન ગીરો પેટે આજ દિન સુધી ખેડેલી નથી કે, તેની કોઈ ઉપજ લીધેલી નથી. વાદી પાસે જે ચેક છે તે પ્રતિવાદીના વારસદાર નં.૧ ના પતિ તથા પ્રતિવાદી ના વારસદાર નં.૨ થી ૪ ના પિતા એ આપેલ નથી, તેવી રજુઆત કરેલ છે જેથી તે હકીકત ને ધ્યાને લેવામાં આવે તો તેને ટ્રાએબલ ઇશ્યુ કહી શકાય. હાલના તબકકે કાયદામાં કરવામાં આવેલ જોગવાઇઓ ધ્યાને લેવામાં આવે તો તેનો મુળ આશય કોઇ પક્ષકારને યોગ્ય બચાવની તક મળી રહે તે માટે સીવીલ પ્રોસીઝર કોડમાં ઓર્ડર ૩૭ અન્વયે જોગવાઈ કરવામાં આવેલ છે.

**૫.** ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેવામાં આવે તો પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્ડની અરજીમાં ટ્રાયેબલ ઇશ્યુ રહેલ હોય તેમજ સીવીલ પ્રોસીઝર કોડના

ઓર્ડર ૩૭ રૂલ ૩ (૫) તથા (૬) ધ્યાને લેતા જો પ્રતિવાદીને બચાવની તક આપવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ હોય તેવુ જણાતુ હોય જે તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુકમ</u> :-**

- પ્રતિવાદીની હાલની અરજી શરતો આધીન મંજુર કરવામાં આવે છે.

  **<u>શરતો</u> :-**
- પ્રતિવાદીઓને સદર દાવાની માંગણી મુજબ રકમ રૂા.૨,૨૫,૦૦૦/-ની અડધી રકમ એટલે કે **<u>રૂપિયા ૧,૧૨,૫૦૦/- તા. ૨૧/૦૭/૨૦૨૬ કે, તે પહેલા</u>** અત્રેની અદાલતમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.
- પ્રતિવાદીએ ઉપરોક્ત રકમ ભર્યેથી સદર **દાવાનો બચાવ દિન-૩૦ માં** કે, તે પહેલા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- જો પ્રતિવાદી ઉપરોકત શરતોનું પાલન કરવામાં નીષ્ફળ ગયેથી વાદી કાયદાકીય જોગવાઇઓને આધીન રહી હુકમ મેળવવા હકકદાર રહેશે.

આ હુકમ આજ રોજ તા.૦૭ મી, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(શાલિની એસ.બારઠ)

તા.૦૭/૦૭/૨૦૨૬

સીવીલ જજ,

ઉમરેઠ.

Code No.-GJ01573.

S.B.Zala.-Guj-Steno